Extra No. 229

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **MONDAY, JUNE 23, 2025 / ASADHA 2, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું :-

પત્ર ક્રમાંક.એમએજી(૧)/વશી/૬૯૮૧ થી ૭૦૪૪/૨૦૨૫.- ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી -૨૦૨૫નો કાર્યક્રમ તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર થયેલ છે. તે મુજબ પાટણ જિલ્લામાં મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર)ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ થનાર છે. જે અંતર્ગત પાટણ જિલ્લામાં આ ચૂંટણીનું પરીણામ જાણવા માટે મતગણતરી સ્થળોએ મોટી સંખ્યામાં માણસો એકત્ર થવાની શક્યતાઓ છે. જેના કારણે તંગદીલીભર્યું વાતાવરણ સર્જાય અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની શકયતાઓ નકારી શકાય નહી. જેથી મતગણતરીના સ્થળોએ કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં લેવા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૬૩ મુજબનું જાહેરનામું કરવુ ઉચ્ચીત જણાય છે.

વાસ્તે, હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ પાટણ જિલ્લામાં આવેલ તમામ મતગણતરી કેન્દ્રોના સ્થળથી ૨૦૦ મીટર સુધીની ત્રિજ્યામાં તા.૨૫/૦૬/૨૦૨૫ થી મતગણતરી પુરી થાય ત્યાં સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) ચાર કે તેથી વધુ માણસોએ એક સાથે ભેગા થવું નહી.

(૨) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સુત્રો પોકરવા નહી.

(૩) જાહરે સુલેહ શાંતિ જોખમાય તેવી અફવાઓ ફેલાવવી નહી.

(૪) કોઈપણ વ્યક્તિએ લાઠી અગર ઈજા થાય તેવા કોઈ હથિયાર સાથે રાખીને ફરવું નહી.

(૫) કોઈ વિસ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવો કોઇ પદાર્થ સાથે રાખવો નહી.

(૬) મતગણતરી સ્થળ કે જેની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિ પેજર, કોર્ડલેસ ફોન, મોબાઈલ ફોન, વાયરલેસ તેમજ ઈલેકટ્રોનિક માધ્યમથી સંદેશાવ્યવહાર કે રેકોર્ડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો લઈ પ્રવેશી શકશે નહી.

અપવાદઃ-

આ હુકમ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિના ચાર્જમાં હોય તેવા અધિકારીશ્રીઓ અને ફરજ પર મુકેલા સલામતી માટેના કર્મચારીઓ તથા પંચ ધ્વારા નિમાયેલા અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ તથા નિરીક્ષકશ્રીઓ અને મત ગણતરી મથકના ઈન્ચાર્જ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંધન માટે મદદ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાના ભંગ બદલ પોલીસ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી ફરજ પરના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ સંબંધિત પોલીસ અધિકારીશ્રીએ કરવાની રહેશે.

આજ રોજ તા.૨૩/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તુષાર ભટ્ટ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.10 18:39:19 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara